# પી.એમ.વિશ્વકર્મા યોજના

- આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા 'વિકસિત ભારત' સંકલ્પ અંતર્ગત તા.૧૭ મી સપ્ટેમ્બર ૨૦૨૩નાં રોજ એટલે કે 'વિશ્વકર્મા જયંતિ' દિવસ નિમિત્તે "પ્રધાન મંત્રી વિશ્વકર્મા" યોજનાની જાહેરાત કરી હતી.
- આ યોજના અંતર્ગત ભારત સરકાર પાંચ વર્ષમાં રૂ.૧૩,૦૦૦ કરોડના નાણાકીય ખર્ચ સાથે, લુહાર, સોની, કુંભાર, સુથાર, શિલ્પકાર સહિત પરંપરાગત કારીગરોના આશરે ૩૦ લાખ કુટુંબોને લાભ આપશે.
- આ યોજના ભારતભરના ગ્રામીણ અને શહેરી વિસ્તારોના કારીગરોને સહાય પૂરી પાડશે.
- આ યોજનાનો લાભ ગુજરાતમાં કાર્યરત તમામ વિશ્વકર્મા સુધી પહોંચાડવા આદરણીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં સક્રિય પ્રયાસથી આ યોજના અંતર્ગત ગુજરાતમાં રહેતા કારીગરોને તાલીમ આપવી, વિશ્વકર્મા કાર્ડ આપવું, ટૂલકિટ આપવી તથા ઓછા વ્યાજદરે લોન આપવાનો છે.
- આધુનિક યુગમાં, પરંપરાગત વયવસાય સાથે જોડાયેલા કારીગરો કલાત્મક કારીગરીની કુશળતાને વધારવા માટે આધુનિક સાધનો અને ઓજારોનો ઉપયોગ કરવો અનિવાર્ય બન્યો છે.

- નવી તકનીકો અને ઊચ્ચ ગુણવતાવાળા સાધનોના ઉપયોગથી કારીગરોની તકનીક અને કુશળતામાં વધારો કરીને તેમની પ્રગતિમાં એક મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.
- પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના થકી કારીગરોને ઉચ્ચ ગુણવત્તાવાળા વિવિધ હેન્ડ ટૂલ્સ, અદ્યતન ટેકનોલોજીવાળ વિવિધ સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- જેમ કે સુથારી કામ કરતાં કારીગરોને હેન્ડ કટર, હેન્ડ રાઉટર, ડ્રિલ મશીન જેવા જરૂરી સાધનો તથા કુંભારી કામ કરતાં કુંભારોને ઈલેક્ટ્રીક ચાક, પગમીલ, ગેસની ભઠ્ઠી આ રીતે આ યોજના હેઠળ આવરી લેતા તમામ ૧૮ ટ્રેડનાં કારીગરોને સાધન ઉપલબ્ધ કરવવામાં આવશે. જેના માધ્યમથી તેઓ પોતાના વચવસાયને નવી ઊંચાઇ સુધી પહોચાડી શકાશે.
- આ યોજના અંતર્ગત ટૂલકિટ સહાય માટે રૂ.૧૫,૦૦૦ ઈ–વાઉચર સ્વરૂપે સહાય આપવામાં આવશે જે મૂળભૂત તાલીમની કૌશલ્ય ચકાસણી પછી પ્રાપ્ત થશે.
- આ પ્રોત્સાહન માત્ર નાણાંકીય પ્રોત્સાહન કરતાં વિશેષ છે. તે રાજયના કારીગરોને તેમના સંબંધિત વેપારમાં શ્રેષ્ઠતા મેળવવા માટે ટેકો અને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ છે.
- આ યોજનાના અંતર્ગત ટુલકિટનું વિતરણ ઈ–વાઉચર મારફતે કરવામાં આવશે, જેની સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને સુરક્ષિત થશે.

- જેથી રાજયના અંત્યોદય સુધી આ યોજનાના લાભો કોઈપણ ભેદભાવ વગર પહોંચી શકશે. ઇ-વાઉચર્સના ઉપયોગથી લાભાર્થીઓ નિયુક્ત કરેલા કેન્દ્રો માંથી જરૂરી સાધનો મેળવી શકશે.
- આ યોજનામાં પ્રથમ તબક્કામાં રૂ.૧ લાખ સુધીની અને બીજા તબક્કામાં રૂ.૨ લાખ સુધીની મદદ માત્ર ૫ ટકાના દર પર આપવામાં આવે છે.
- રૂ.૫૦૦નું દૈનિક સ્ટાઈપેન્ડ અને કૌશલ્ય તાલીમ રૂ.૧૫,૦૦૦ ટુલકીટ ઇન્સેન્ટીવ તરીકે અને રૂ.૩ લાખ સુધીની કોલેટરલ ફ્રી લોનની સુવિધા પણ આપવામાં આવે છે.
- ગુજરાતમાં આ યોજના હેઠળ અત્યાર સુધી ૧૪,૦૦૦થી વધુ કારીગરોની અરજી સ્વિકારવામાં આવી છે.
- આ યોજના થકી ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું સપનું છે. કે રાજયનાં અંત્યોદય કારીગરનો આર્થિક વિકાસ થાય અને પોતાની પરંપરાગત કળાને મુખ્યધારા સાથે જોડી વિકાસની દિશામાં આગળ વધે.
- આ યોજનાનાં સફળ અમલીકરણ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનાં સતત માર્ગદર્શન અને સતત પ્રયત્નો દ્વારા અમલમાં લાવવામાં આવી રહી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

અત્યારે સમગ્ર વિશ્વમાં ભારતના નામનો ડંકો વાગી રહ્યો છે. માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દુરંદેશી અને સુશાસનના વખાણ આજે વિશ્વની મહાસત્તાઓ પણ કરી રહી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ પણ ગુજરાતની ધરતી પર આવીને આ વિકાસગાથાના વખાણ કરી ગયા હતા.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી જ આજે ભારત વિશ્વગુરૂ બનવા તરફ અગ્રેસર છે.

**માન.અધ્યક્ષશ્રી,**

માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આ અથાગ પ્રત્યનોને જોઇને મને કહેવાનું મન થાય છે કે,

"प्रातः हो की रात हो, संग हो न साथ हो

सूर्य से बढे चलो, चन्द्र से बढे चलो

वीर तुम बढे चलो, धीर तुम बढे चलो।